ગાંધીનગર સમાચાર





## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

લ્યો ! બુઠ્ઠી તલવારે કઠપૂતળાં લડે છે,
દોર દિલ્હીમાં, ગાડાં નીચે કૂતરાં દોડે છે.
નડે જૂથબંધી, સૌનો ત્રાસ કરે વિનાશ -
છટકી છે સ્પ્રીંગ જૂઓ, કોને ભારે પડે છે!
(સભ્યોમાં અસંતોષ, ખુલ્લો બળવો)

હાઈકુ

વેરની વખા,
અને સત્તાના ડખા -
છે નવી જફા...
(બેલડી ની મુસીબત)

પાળેલાં ઘેટાં,
ભરાવે છે શીંગડાં -
અપશકન...
(કુત્તે પર સસા આયા)

### ચિંતન

*નિમિત્તં ન સદા ચિત્તં સંસ્પૃશત્યધ્વસુ ત્રિષુ ।*
*અનિમિત્તો વિપર્યાસઃ કથં તસ્ય ભવિષ્યતિ ॥*

**ઉપરોક્ત શ્લોક માંડુક્યોપનિષદમાંથી લેવામાં આવેલ છે.**

**ભૂત, ભવિષ્ય અને વર્તમાન ત્રણે કાળમાંથી ચિત્ત ક્યારેય નિમિત્તને સ્પર્શતું નથી : તો પછી તે ચિત્ત નો નિમિત્ત વિના વિપર્યાસ (વિપરીત જ્ઞાન) કેવી રીતે થાય ?**

**'નિમિત્ત' એટલે વિષયરુપી કારણ, જ્યારે બાહ્ય પદાર્થનું અસ્તિત્વ જ ન હોય ત્યારે ચિત્તને તેનો સંસ્પર્શ ક્યાંથી થવાનો? અતીત, અનાગત, અને વર્તમાન એ ત્રણે અવસ્થામાં ચિત્ત ક્યારેય નિમિત્તરૂપ વિષયનો સ્પર્શ કરતું નથી. વળી, જ્યારે વિષયનું જ અસ્તિત્વ ન હોય, તો તેના સંપૂર્ણ અભાવમાં તેના આભાસરૂપ 'વિપર્યાસ' અર્થાત વિપરીત જ્ઞાન ચિત્તને ક્યાંથી થઈ શકે ?**

**જે વસ્તુ હોય જ નહીં તેના અભાવની વાત કરવી એ તો હાસ્યાસ્પદ છે.**

### સુવિચાર

- લાખ મૂર્ખને છોડીને એક પંડિતને પોતાની પાસે રાખવો, સરોવરની શોભા વધારવા એક હંસ પૂરતો છે,ત્યાં લાખ કાગડાનું કામ નથી - **વિદુર**
- પસ્તાવો બડાવાનો ધંધો બની જાય છે - **જન્મભૂમિ**
- નીતિના સરળ નિયમો કુદરતે અંતઃકરણના કુંભમાં મૂકેલો હોય છે - **ધૂમકેતુ**
- તપ આત્મા સાથે આખા જીવનનું પરિષ્કરણ કરે છે - **મોટા**
- ઝઘડાનું મૂળ ચિનગારી જેવું છે, એ જાગતું હોય ત્યાં સુધી ગમે ત્યારે આગ ભભૂકી ઊઠે - **ભાણદેવ**
- ટીકા લુચ્ચા ચિત્તાને કાંઈ કહેતી નથી પણ નિર્બળ પારેવાં ઉપર લડી પાડે છે - **થાઈલેન્ડની કહેવત**
- આજનું ઔષધ : શરીર પર સોજો આવ્યો હોય ત્યાં કેળાનો ગર લોટમાં ગુંદી તેને સહન થાય તેટલું ગરમ કરી સોજા પર બાંધવાથી સોજા મટે છે

*(સંકલન : દિપક વી. આશરા)*

### બોધકથા

સંત પાસે એક યુવાન આવ્યો. એણે કહ્યું, 'મારા જેવા કોઈ સુખી દુનિયામાં કોઈ નહીં હોય, મારા સૌ કુટુંબીજનો મારા માટે ખૂબ સ્નેહની લાગણી ધરાવે છે. એક દિવસ હું ન જઉં ઘરે તો તેમના ભૂખ-તરસ ઉડી જાય છે.' 'સંતે કહ્યું, 'આ દુનિયામાં કોઈ આપણું નથી. મા-બાપની સેવા અને બાળકોના પાલનપોષણ આ બેય ફરજો ખૂબ સંનિષ્ઠ થઈ નિભાવવી જોઈએ.' જીવન પ્રત્યે કોઈ મોહ કે આસક્તિ રાખવી ન જોઈએ.' પેલા યુવાનને સંતની વાત ગળે ન ઉતરી. સંતે કહ્યું, 'જો તારે મારી વાત સમજવી હોય તો કાલે સવારે ઊંડો શ્વાસ ખેંચી ને શ્વાસ બંધ કરી પથારીમાં પડ્યો રહેજે, હું આવીને બધું સંભાળી લઈશ.'

બીજે દિવસે યુવાને શ્વાસ રોક્યો એમ કરતાં એનો જીવ નીકળી ગયો. સંત પહોંચ્યા અને કહ્યું, 'તમે રોવાનું બંધ કરો હું મંત્ર બળ વડે એને ફરીથી જીવતો કરું છું. પણ એના માટે મારું આપેલું એક ગ્લાસ પાણી પીવું પડશે. એ પાણીમાં અદ્ભૂત શક્તિ હશે, જે પીશે તે મરી જશે પણ આ યુવાન જીવતો થઈ જશે...' સંતે કહ્યું ચાલો કોણ આ ગ્લાસ પાણી પીવા તૈયાર છે? સૌએ ના પાડી દીધી. ત્યારે સંતે કહ્યું, 'તો પછી હવે મારે જ આ પાણી પીવું પડશે.' સૌએ કહ્યું, 'આપ મહાત્મા છો, ધન્ય છો, આપના માટે તો જીવન-મૃત્યુ એક સરખા છે, સાંસારિક સંબંધો તો મિથ્યા અને ક્ષણિક હોય છે. સાચા સંબંધો તો ઈશ્વર સાથેના હોય છે.'

# ક્યાં સુધી જવાનોનું લોહી વહેવડાવશું

**તંત્રીસ્થાનેથી...**

કાશ્મીર ખીણમાં આતંકવાદી હુમલાઓનો સિલસિલો ચાલુ જ રહ્યો છે અને આગામી દિવસો દરમિયાન પણ એ ચાલુ જ રહેશે એવો સ્પષ્ટ સંકેત આપતી ઘટના પુલવામા સીઆરપીએફ કેમ્પ પર થયેલ હુમલાથી મળે છે. આ એક 'ક્રોનિક' બીમારી છે, જેના ઈલાજ પેટે કેન્દ્ર સરકાર આપણી સુરક્ષા એજન્સીઓ અને લશ્કર તથા અર્ધલશ્કરી દળો સતત ચિંતિત રહ્યા કરતાં હોવા છતાં આજ લગી એનો કોઈ કારગત ઈલાજ શોધી શકાયો નથી. ખરજવા પર જાત જાતની ઍન્ટિબાયોટિક્સ કે એન્ટિફંગલ ઓઈન્ટમેન્ટ લગાડ્યા કરીએ છતાં એ દૂઝતું ને દૂઝતું જ રહે એમ કાશ્મીર સમસ્યા પ્રેરિત આ સરહદ પારનો આતંકવાદ અને ઘુસણખોરી વણથંભ્યાં આગળ વધતાં રહ્યાં છે. સેનાને છૂટોદોર આપ્યાં છતાં અને આતંકવાદીઓનો સફાયો કરાતો રહ્યો હોવા છતાં આવી ઘટનાઓનું પુનરાવર્તન થતું જ રહ્યું છે તે શું સૂચવે છે ? છાશવારે આપણઆ નવલોહિયા જવાનોનાં માથાં વધેરાતાં રહે છે. 'શહીદ' જેવા સમ્માનવાચક શબ્દો વાપરવાથી કે એમના પરિવારોને માતબર વળતર ચૂકવી દેવાથી પ્રશ્ન પતી જતો નથી. આ તો એક પ્રકારનું મનમનામણું છે. જેના ઘરનો દીવો અકાળે રામ થઈ જાય છે એના માટે આવું વળતર કે પરિવારના એકાદ સભ્યને નોકરી આપી દેવી તે સાચું સમાધન નથી. માથા સાટે માથાં ઉતારી લાવવી હિંસક પદ્ધતિથી પણ પ્રશ્ન પતી જતો નથી. આખરે તો સામા પક્ષે મરનારનું પણ કુટુંબ રઝળી જ પડે છે. આ સમસ્યાનો ઉકેલ માત્ર અને માત્ર રાજકીય જ હોઈ શકે, જે માટેની કોઈ જ તૈયારી નથી હિંદુસ્તાન બતાવતું કે નથી પાકિસ્તાનને એની ગરજ. બલકે પાકિસ્તાન તો આ કાશ્મીરનું ઉંબાડિયું સળગતું ને સળગતું રાખવા માગે છે. એ એના માટે 'હુકમનો એક્કો' છે. પાકિસ્તાનનો કોઈ પણ રાજકીય પક્ષ કે નેતા કાશ્મીર ઉપરનો હક જતો કરવા તૈયાર નથી. ઝુલ્ફીકાર અલી ભુટ્ટોએ કાશ્મીર મુદ્દે હિંદુસ્તાન સાથે એક હજાર વર્ષ સુધી લડી લેવાના શપથ લીધા હતા. એ જ ભુટ્ટોએ ઈંદિરા ગાંધી સાથે શિમલા કરાર કર્યા ત્યારે બેઉ પક્ષો વાટાઘાટોથી કાશ્મીર સહિતના પ્રશ્નો હલ કરવા મુદ્દે સહમત થયા હતા. પરંતુ એ પછી જેટલા વડાપ્રધાનો આવ્યા તે દરેકે કોઈ ને કોઈ વિદેશી સત્તાને લવાદ તરીકે રહેવા અનુરોધ કર્યો હતો. વારંવાર યુનાઈટેડ નેશન્સમાં પણ કાશ્મીરનો સવાલ ઉઠાવીને ભારત વિરુદ્ધ ઝેર ઓકાતું રહ્યું છે. હવે પરિસ્થિતિ એ હદે વણસી ચૂકી છે કે ભારત કદાચ લશ્કરી બળ વાપરીને બલુચીસ્તાનને પણ બાંગ્લાદેશની જેમ પાકિસ્તાનના સકંજામાંથી છોડાવે તો પણ કાશ્મીરની પ્રજા જ્યાં સુધી ભારત સાથે આત્મીયતાનો અહેસા નહીં કરે ત્યાં સુધી એ ધારું દૂઝતું જ રહેવાનું છે. લોકમત લેવા મુદ્દે ભારત હરહંમેશ પાછી પાની કરતું રહ્યું છે તે જ સૂચવે છે કે કાશ્મીરની ખીણની પ્રજા પર સરકારને ભરોસો નથી. આ મુદ્દે પ્રાદેશિક રાજકીય પક્ષો પણ સરકારને દબાવતા રહ્યા છે અને કલમ - ૩૭૦ કે ૩૫ એ નાબૂદ કરી તો જુઓ - એવી ચીમકી આપતા રહ્યા છે. આ મુદ્દે મુખ્ય રાજકીય પક્ષો કોંગ્રેસ અને ભાજપ વચ્ચે પણ ગજગ્રાહ પ્રવર્તે છે અને પાકિસ્તાન આતંકવાદીઓના ઓઠા હેઠળ સતત પ્રોક્સીવોર ચલાવતું રહે છે ત્યારે રાજકીય હૂંસાતૂંસીનો ભોગ નિર્દોષ જવાનો બનતા રહે છે, તે આપણા દેશની મોટી કમનસીબી જ ગણાશે.

# ન તલવાર પર છે ન તો ઢાલ પર છે, વિજય આપણો આખરી ચાલ પર છે



## અદબ-પલાંઠી મોં પર આંગળી

ડૉ. સંતોષ દેવકર

'એણે ધડ દઈને ના પાડી દીધી'

'શું વાત કરે છે ? સાચે જ ?'

'હા...હા... સો ટકા સાચું.' '.....?'

'એ છોકરીએ છોકરાનું નામ સાંભળતા જ ના પડી દીધી.'

'મારે એની સાથે લગ્ન નથી કરવા.' છોકરીનો સ્પષ્ટ જવાબ. રામનગરમાં હાહાકાર મચી ગયો. પરંતુ એ માટે સબળ કારણ હતું. ગોરધનદાસ શેઠનો ગામમાં દબદબો હતો. કોઈ એમનું કહેવું ટાળે નહિ. બધા એમને સન્માન આપતા હતા. શેઠ પાસે રૂપિયા ઘણા. દોમદોમ સાહ્યબી. એમના એકના એક દીકરાને ના પાડનાર આ છોકરી કોણ છે ?

ખૂશ્બુ એનું નામ. જયાં જાય ત્યાં મહેક ફેલાવતી જાય. ભણવામાં અવ્વલ રહેતી. સામાન્ય કુટુંબની દીકરી. પરંતુ અસામાન્ય વારસો તેને તેના દાદા પાસેથી મળેલો.ખૂશ્બુ દેખાવડી અને સંસ્કારી. તેનું વાંચન ખૂબ. તેથી વિચારવાની અને ચિંતન-મનન કરવાની ટેવ.

દાદીએ અમસ્તુ જ પૂછયું હતું. 'ખૂશ્બુ બેટા, ઘર સારું છે. સમૃધ્ધ પણ છે.'

''અરે, દાદી, રૂપિયાના વરસાદને કરવાનું શું? છેલબટાઉ અને બાપના પૈસે તાગડધિન્ના કરનારા છોકરા સાથે હું લગ્ન નહિ કરું.'' ખૂશ્બુ બોલ્યે જતી હતી.''સંઘર્ષ એટલે શું? પૈસો કેવી રીતે કમાવાય ? કમાવવાની આવડત ન હોય તેને વળી વાપરવાની સૂઝ કયાંથી હોય ? હું લગ્ન કરીશ તો એવા યુવાન સાથે જેણે સંઘર્ષ કર્યો હોય!કંઈક મેળવવા માટે ઝઝૂમ્યો હોય ! કેટલીય ઠોકરો ખાધી હોય, સમસ્યાનો સામનો કર્યો હોય! બાપના પૈસે લહેર કરનારા છોકરાઓ મને બિલકુલ પસંદ નથી.'' ખૂશ્બુનો જવાબ સાંભળીને દાદી અવાચક થઈ ગયા. જીવનસાથી માટેના ખૂશ્બુના ઉત્તમ વિચાર જાણી મનોમન ખુશ થતા અભિનંદન પાઠવતા રહયાં.

જગુઆર ગાડી ફેરવતા હોય પરંતુ ગાડીપોતાના પરસેવાની ના હોય. આજની દીકરીઓ એવા યુવાનને પસંદ કરે છે જે પોતાના પગ પર ઊભો રહેવા મથતો હોય. કરોડપતિ ભલે ન હોય, પણ કરોડપતિ થવાની તમન્ના હોય. આત્મવિશ્વાસથી ભરપૂર હોય ! પરિશ્રમથી સ્વબળે આગળ વધેલો હોય.સર્કસના સિંહ નહિ પરંતુ જંગલના સિંહમાં શ્રધ્ધા રાખતો હોય. સર્કસના સિંહ તૈયાર ખોરાક ખાવા ટેવાયેલા હોઈ શિકાર કરવાની ક્ષમતા ગુમાવી બેઠા હોય છે.કેટલાક યુવાનો સર્કસના સિંહની પંગતમાં હોવાનો વ્હેમ ક્યારેક સાચો ઠરતો જોવા મળે છે. બાળપણથી આજ સુધી કાંઈ કર્યુ ન હોય, હવે જાતે રૂપિયા કમાવવાની ક્ષમતા ગુમાવી બેઠા હોય છે. ખૂશ્બુનો એ નિર્ણય ખરેખર દાદ માંગી લે છે. પરિશ્રમી અને વિવેકી યુવાન પૈસાદાર થઈ શકે પરંતુ પૈસાદાર યુવાન પરિશ્રમી કે વિવેકી બને એ લગભગ અશકય છે. સર્કસના સિંહ જિંદગીમાં ઝાઝુ ઉકાળી શકતા નથી.

રૂપિયા ઉડાડવા ને રૂપિયા યોગ્ય જગ્યાએ વાપરવા બંને ભિન્ન બાબતો છે. જરૂર કરતાં વધુ રૂપિયા વ્યસનને નોંતરે છે. વ્યસન એ અધોગતિનું મૂળ છે. વ્યસન હોય ત્યાં સંસ્કાર ગેરહાજર હોય. સંસ્કાર વિહિન સંતાનો વારસામાં મળેલી સંપત્તિ સાચવી શકવા માટે પણ અસમર્થ હોય છે. વિવેક અને નિષ્ઠા ગુમાવી ચૂકેલા સંતાનો વડીલોનું સન્માન કરવાનું પણ ચૂકી જતાં હોય છે. આવા સંતાનોની જગુઆર ગાડીનું સ્ટીયરીંગ વૃધ્ધાશ્રમ તરફ વળી જતું હોય છે. જે ઘરમાં વૃધ્ધ માતા-પિતાનું માન જળવાતું ન હોય, જે ઘરમાં પાંચ-પચ્ચીસ પુસ્તકો ન હોય, જે ઘરમાં મહેમાનને આદરપૂર્વકનો આવકારો ન હોય, અન્યને મદદરૂપ થવાની ભાવના મરી પરવારી હોય તેવા ઘરમાં દીકરી પરણાવવી એ પાપ નહિ મહાપાપ લેખાવું જોઈએ.

પખવાડિયાં પછી સમાચાર આવ્યા કે ગાય-ભેંસના ચાર થી પાંચ તબેલા સંભાળતા અને બસો વીઘા જમીનમાં ખેતી કરતાં મહિને દોઢ લાખ રૂપિયા કમાતા કમ્પ્યૂટર સાયન્સમાં એન્જીનીયર થયેલા એક યુવાનને ખૂશ્બુએ હા પાડી દીધી. દાદાથી બોલાઈ જવાયું,'' શાબ્બાશ, ખૂશ્બુ બેટા!''

મિસરી

''ન તલવાર પર છે ન તો ઢાલ પર છે.
વિજય આપણો આખરી ચાલ પર છે.''

-વિપુલ માંગરોલિયા

- santoshdevkar03@gmail.com

# ઈસ સાલ કા સફર કુછ યુ ગુજર ગયા, કુછ અપને અનજાને હો ગયે કુછ અનજાનો કો અપના કર ગઈ




બાય બાય ૨૦૧૭ અને વેલકમ ૨૦૧૮ આમ તો દરેક ૩૬૫ દિવસ પછી આપણે ગયા વર્ષની ખાટી-મીટી યાદને મમળાવતા મમળાવતા આગામી વર્ષની આતુરતાપૂર્વક ઉજવણી કરીએ છીએ...

હરિવંશ રાય બચ્ચનજીની પંક્તિઓ
વર્ષ 'નવ' હર્ષ 'નવ'
કાયમ મને નવા વર્ષે યાદ આવે છે...

આપણો ઉમંગ અને આત્મવિશ્વાસ, ઉત્સાહ, જોશ આપણને કાયમ નવા વર્ષ જેવી રોમાંચક ફિલીંગ આપી શકે છે...

'મેં સમય હૂં' મહાભારત વાળો હરીશ ભીમાણીનો અવાજ યાદ છે? આ સમયે તો આવા કેટલાય નવા વર્ષને વધાવ્યા હશે અને કેટલાય જૂના વર્ષોની યાતનાઓને પોતાના મહીં ભંડારી રાખી હશે... સમય પાસેથી આપણે નવા વર્ષે શીખવાનું છે કે ઉપાધિને સમાધિમાં કેવી રીતે ફેરવવી !

ભ્રમિત કરી દેતી પુતનામય દોગલી દુનિયામાં આપણે શું કરવું... ક્યાં જવું... તેની ખબર નથી હોતી... વિચારવાનો સમય નથી હોતો... સમય તો હતો પણ ઈચ્છા નહોતી... ઈચ્છા હતી તો કદાચ હિંમત નહોતી... સમયની સાથે તાલ મિલાવતાં નીકળી પડવું એ મહત્ત્વનું છે ! શું હાથમાં આવશે તેની ખબર નથી પણ નીકળી પડવું અગત્યનું છે... જિંદગી સમયનું મહત્ત્વ સમજાવે છે અને સમય જિંદગીનું કેલક્યુલેશન સમજાવે છે... આ જ જીવનમાં બધા અટપટા દાખલા સમીકરણ સાથે જવાબ આપીને જ જાય છે... કોઈ દાખલો બે સ્ટેપમાં ઉકેલાય તો કોઈ વળી વીસ સ્ટેપમાં ઉકેલાય... પણ જવાબ નક્કી મળે છે...

હાય હાય અને હોય હોય... ની બૂમો મારીને કાગારોળ મચાવવાથી કોઈ દિવસ પરિસ્થિતિમાં સુધારો આવવાનો નથી.

આપણે ઘેટાચાલમાં ચાલતા ચાલતા એક એવા પડાવ પર આવી ગયા છીએ કે... વસ્તુઓ માટેની લાલચ, દિનપ્રતિદિન એકબીજા પ્રત્યે વિશ્વાસ કરવામાં જાસો દઈ જાય છે.

ગત વર્ષે આપણા જે અંગત હતા તે મનદુઃખ થવાથી કે મતભેદ થવાથી અત્યારે પારકા બની બેઠા છે, તો વળી આ વર્ષે એવા પણ ઘણા અજાણ્યા લોકો મળી ગયા છે, જે કોઈ જનમ જનમના સાથીઓની જેમ જીવનનું આવશ્યક અંગ બની ગયા છે...

આપણે એવી 'ચૂહા-દોટ'ના દોડવીર બની ચૂક્યા છીએ કે... જેની દિશા આગળ વાળો ઉંદર જ નક્કી કરે છે... અને મજાની વાત એ છે કે આવી ચૂહાદોડમાં હારી જવાથી આપણને વૈરાગ્ય આવે છે... આવા વખતમાં વખત આપણને ઘણું શીખવી દે છે...



## વિચારયાત્રા

ડો. જય ઓઝા

નવા વર્ષે વીતી ગયેલા કાલખંડને અનુલક્ષીને અને આવનારા યુગને અંતર્ગત બંને વચ્ચે તાલ મિલાવવાનો છે... જળકમળવત્ રહીને દરેક વ્યથા-કથા સાથે જોડાયેલા રહીને પણ ભિન્ન રહેતા શીખવાનું છે... સમય કયારેય અટકી જતો નથી... કૃષ્ણની લીલાથી મંત્રમુગ્ધ થઈને હર્ષિત થઈને પણ સમય થંભી નહોતો ગયો કે પછી કુરુક્ષેત્રના અઢારમાં દિવસે રણમેદાનમાં જમીનનો કોરો કટકો પણ ન દેખાય તેટલા શવ જોઈને પણ સમય થંભ્યો ન હતો... અને હવે પછી અટકશે પણ નહીં...

સમય પાસેથી પરિવર્તનને અપનાવતા શીખવાનું છે... વિધિની લપડાક ખાધા પછી પણ અટકવાનું નહીં પરંતુ ટકવાનું શીખવાનું છે...

સમયને અનુરોધ કરીએ કે હે 'કાળ દેવતા !' નવા વર્ષે અમને સહનશીલતા, ધીરજ, અને પરિસ્થિતિને અનુકૂળ બનવાના ટ્યૂશન આપો... અશોક વાજપેયીની આ કવિતા અત્યારે યાદ આવે છે...

**સમય, મુઝે સુઝાઓ
કૈસે મૈં અપની રોશની બચાયે રખૂં
તેલ ચુક જાને કે બાદ ભી
તાકિ વહ લટકા, ઉધર લાયી
મહંગી કિતાબ એક રાત મેં હી પૂરી પઢ સકેં...
સમય, મુઝે સુનાઓ વહ કહાની
જબ વ્યર્થ પડ ચૂકે હોં શબ્દ
અસ્વીકાર કીયા જા ચૂકા હો સત્ય,
ઔર બાકી ન બચી હો જૂઝને કી શક્તિ
તબ ભી કિસી ન છોડા ન હો પ્રેમ
તજી ન હો આસક્તિ...
જુઠલાયા ન હો અપના મોહ,
સમય, સુનાઓ ઉસકી ગાથા
જો અન્ત તક બિના જુકે
બિના ગિડગિડાયેં યા લડખડાયેં
બિના થકે, બિના હારે બિના સંગી-સાથી
બિના અપની યાતના કો સબકે લિયે ગાયે...
અપને અંત કી ઓર... ચલા ગયા...**

નવા વર્ષે લાઈફની એક-એક પળને માણી લઈએ... લાઈફ જે આપે છે તે સ્વીકારીને માણી લઈએ...

- jayuoza@gmail.com,
Mo. 9898046488

# ઘર - પરિવારનો ઉત્સવ પ્રિયજનો - સ્વજનોથી શોભી રહ્યો છે

'ડેડી આવા સરસ ગામડામાં રહેવાનો આનંદ તો કોઈ ઔર જ છે' સ્તુતિએ કહ્યું.

'અહીંથી હવે પાછા અમદાવાદ જવાનું મન થતું નથી...' નિશા અને સોલીએ કહ્યું.

આવા આવા પ્રસન્નતાથી સભર આનંદના-ઉલ્લાસના - ઉદ્ગારો એક સ્થળે રવિવારથી આવેલા મહેમાનો ઉચ્ચારતા હતા.

વાંચેલી સાંભળેલી ગામડાની કવિતાઓ - ગ્રામ્ય વિસ્તારોના વર્ણનોને આંખોએ જોયેલા આપણા ગામડાના એ ખુબસુરત દશ્યો અહીં આવનારા પૈકીના કેટલાયને ફરી ફિલ્મની પટ્ટીની જેમ રિવાઈન્ડ થયા.

યાદ કરો, ગામડા ગામમાં વાર-તહેવારે ઉજવાતા મેળાને. ગામને પાદર કે નદીના કિનારે કે મંદિરની બાજુના મેદાનમાં દર વર્ષે નિયત દિવસોએ ભરાતા મેળાની ગ્રામજનોને પ્રતિક્ષા રહેતી. નાના બાળકો મા-બાપ સાથે મેળામાં મ્હાલવા જતા યુવાનો મિત્રો સાથે અને યુવતીઓ સખીઓ સાથે જતી, એમાં જ કયાંક એને મનનો માણીગર મળી જતો. અનુભવીઓ અને આધેડ માણસો વીતેલા વર્ષોના યાદગાર પ્રસંગો વાગોળતા ને મેળામાં મ્હાલતા. નાની નાની હાટડીઓમાં જીવન જરૂરીયાતની ને આનંદ-પ્રમોદની વસ્તુઓની બજાર ભરાતી. લોકો હટાણાનો પણ આનંદ લેતાને ઉત્સાહનો પણ.

આવા મેળાનું આબેહુબ અને અદ્ભૂત દશ્ય તાજેતરમાં સાકાર કરાયું વિશેષ અવસરને ભાગરૂપે આમંત્રિત મહેમાનોએ બે-ત્રણ વીઘા જમીનમાં ઉભા કરાયેલા આખાયે ગ્રામ્ય વાતાવરણને મન મૂકીને માણ્યું.

ભારત અને વિદેશોમાં વ્યાવસાયિક અને આર્થિક વ્યવસાયો ધરાવનાર પ્રકૃતિ પ્રેમી સંગીતપ્રેમી અને કલાપ્રેમી દંપત્તિ જાનકી અને હિતેન વસંતના મોટા દીકરા યશના લગ્ન પલક સાથે આગામી દિવસોમાં થવાના છે. આ નિમિત્તે વસંત પરિવાર દ્વારા ધોળકા તાલુકાના લાણા ગામમાં આવેલા વસંત ફાર્મમાં વૃક્ષોની હરિયાળી, ગૌશાળા, મંદિર વચ્ચે ગામડાનો મેળો ઉભો કરાયો હતો. આદિવાસી નૃત્ય - રાજસ્થાની નૃત્ય - ગુજરાતી લોકસંગીત - ફજેત ફાળકા - નાના મોટા તળાવો - માટીના વાસણો, ચાડીયા, માંચડો, કચ્છી ઘોડી, ગ્રામ્ય રમતો, જયોતિષ, વલોણા, ચાકળા, બાયોસ્કોપ, ગામડાની બજારને નાની નાની દુકાનો... એવું જ લાગે જાણે. 'કાઠિયાવાડમાં કોક'દિ ભૂલો પડ ભગવાન...'ને ગામડાની કલ્પના નજર સામે સાકાર થઈ છે.'



## અજવાળું - અજવાળું

તુષાર જોશી

આવેલા મહેમાનો વધુને વધુ સમય અહીં એકાદને સાવ દેશી, ઓરીજીનલ ગામડાના સ્વાદની વાનગીઓ આરોગવા ઉપરાંત શુદ્ધ હવાને ગ્રામ્ય વાતાવરણને માણવાનો લ્હાવો લઈ રહ્યા હતા.

ઘર - પરિવારનો ઉત્સવ પ્રિયજનો - સ્વજનોથી શોભી ઊઠ્યો અને એક દિવસ ગામડાની શુદ્ધ હવા અને શુદ્ધ વાતાવરણ શ્વાસમાં વિચારોમાં ભરીને સહુ રાજી થયા. આવું અનેકવાર, અનેક જગ્યાએ આયોજન થતું હોય છે ને એ સમયે ત્યાં જનારને જાણે પોતાની જાત સાથે મુલાકાત કરવાનો, પોતાની અંદર ઝાંકવાનો અવસર મળતો હોય છે. આવી ઘટનાઓ આપણને વધુ ને વધુ સમય આપણી જાત સાથે, પ્રકૃતિ સાથે વિતાવવાનો અમૂલ્ય સંદેશ આપે છે.